Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-4, March-2025

# વિકસિત ભારતમાં ભારતીય જ્ઞાન પ્રણાલીની ઐતિહાસિક ભૂમિકા – 2047

Dr.Vinubhai Gagabhai Bharwad,
Assistant Professor, Department of History.Smt. P. N. R. Shah Mahila Arts and Commerce College, Palitana

**પ્રસ્તાવના**

2047 સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવાનું લક્ષ્ય છે, અને આ દિશામાં ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge System - IKS) મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભારતની જ્ઞાન પરંપરા વૈદિક કાળથી માંડીને આધુનિક યુગ સુધી વિસ્તરી છે, જેમાં ઇતિહાસ, ગણિત, વૈજ્ઞાનિક શોધો, યોગ, આયુર્વેદ, અધ્યાત્મ, ગૌ–આધારિત કૃષિ, પર્યાવરણ, સાહિત્ય અને કલા જેવા અનેક ક્ષેત્રોનો સમાવેશ થાય છે. 2047માં ભારત વૈશ્વિક સ્તરે જ્ઞાનનો હબ બની શકે, જો ભારતીય જ્ઞાન પરંપરાને આધુનિક ટેક્નોલોજી સાથે સમાવીને ઉપયોગમાં લેવામાં આવે અને તેને પ્રચાર-પ્રસાર દ્વારા દરેક વ્યક્તિઓ સુધી પહોંચાડવામાં આવે તો નિશ્ચિતપણે લક્ષ સુધી પહોંચી શકીશું.

**1. ભારતીય જ્ઞાન પરંપરાનું ઐતિહાસિક મહત્ત્વ:**

ભારતીય જ્ઞાન પ્રણાલી માત્ર શાસ્ત્રીય જ્ઞાન પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેનો વ્યાપ અત્યંત વિશાળ છે. આમાં શિક્ષણ, તર્કશાસ્ત્ર, નૈતિકતા, પર્યાવરણ સંરક્ષણ, આરોગ્ય અને આધ્યાત્મિક વિકાસનો સમાવેશ થાય છે. 2047માં ભારત જો વૈશ્વિક નેતૃત્વ મેળવવા માગતું હોય, તો તેને પોતાની જ્ઞાન પરંપરાને આધુનિક શિક્ષણ અને સંશોધન સાથે એકીકૃત કરવી પડશે. તે માટે પ્રાચીન ભારતની તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા, વલ્લભી, વારાણસી કાશી, કાંચી જેવી શિક્ષણ સંસ્થામાં વેદ, વૈદિક સાહિત્ય, વ્યાકરણ, શિલ્પ, ધનુર્વિદ્યા, હસ્તિવિદ્યા, મંત્રવિદ્યા, ચિકિત્સાશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, કલાકારી, સાંખ્યયોગ, ન્યાય વગેરે ભારતીય જ્ઞાન આપવામાં આવતું હતું. તેથી ભારતની પ્રતિષ્ઠા વિશ્વ વિખ્યાતયાત્ થઇ છે. જેમાં તક્ષશિલાએ કૌટિલ્ય તથા ચાણક્ય જેવા મહાન વ્યક્તિ તૈયાર કર્યા અને મિનેન્ડર, એપોલોનિયસ જેવા ગ્રીકોએ ભારતવર્ષમાં અહીં આવીને અભ્યાસ કર્યો. નાલંદા વિદ્યાપીઠમાં આચાર્ય શીલભદ્રને ચરણે બેસીને ભારતીય વિજ્ઞાનવાદનો અભ્યાસ કર્યો હતો. તેમાંથી પ્રેરણા લઇને ભારતની આધુનિક શિક્ષણ સંસ્થા IIT ,IIM, ભારતીય જ્ઞાન પરંપરાને અનુસરવાથી 2047 સુધીમાં પુન: વિકસિત ભારત થશે.

**2. વૈજ્ઞાનિક અને તકનીકી વિકાસમાં ભારતીય જ્ઞાન પ્રણાલીની ભૂમિકા:**

**ગણિત:** આર્યભટ્ટ અને બ્રહ્મગુપ્ત જેવા વિજ્ઞાનીઓએ વિશ્વને શૂન્ય (zero), દશાંશ પદ્ધતિ અને વૈદિક કે ઉપનિષદિક ગણિત આપ્યું. 2047માં આ જ્ઞાનનું ઉપયોગ કરીને

ભારત કૃત્રિમ બુદ્ધિ (AI), ડેટા સાયન્સ અને કમ્પ્યુટિંગમાં નેતૃત્વ પ્રાપ્ત કરી શકે.

**આયુર્વેદ અને આયુષ:** આયુર્વેદ, સિદ્ધ, યુનાની અને હોમિયોપેથી જેવી પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓ 2047માં વૈશ્વિક આરોગ્ય વ્યવસ્થાનો એક અગત્યનો ભાગ બની શકે. જેમકે, આધુનિક સમયમાં કોરોના જેવા જીવનલેણ રોગ સામે રક્ષણ મેળવવા યોગ, પ્રાણાયામ, સૂર્યનમસ્કાર, આયુર્વેદિક ઉકાળોથી જેવા પ્રાચીન પદ્ધતિઓથી શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારવા પ્રયત્ન થતા લોકોમાં ઉત્સાહ વધ્યો હતો તેથી યોગને વિશ્વ અપનાવી રહ્યું છે.સાથે કોરોના રસીનું સંસોધન કરીને ભારતના તમામ લોકો અને વિશ્વને આપીને वसुधैव कुटुम्बकम् અને '**सर्वजन हिताय-सर्वजन सुखाय**' સૂત્રને સાકાર કરીને ભારત એક વિશ્વગુરુ તરીકે પ્રસ્તાપિત થવા સાબિત કરી બતાવ્યું છે.

**જ્યોતિષ અને વેદશાસ્ત્ર:**

ભારતીય ખગોળશાસ્ત્ર અને જ્યોતિષ પદ્ધતિઓનો ઉપયોગ અવકાશ સંશોધનમાં થઈ શકે છે. અવકાશ સંશોધન ક્ષેત્રે મંગળ ગ્રહના દક્ષિણ ધ્રુવ જનાર પ્રથમ દેશ બન્યો છે.

**3. શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે ભારતીય જ્ઞાન પ્રણાલી:**

2047માં ભારતની શૈક્ષણિક નીતિઓમાં ભારતીય જ્ઞાન પદ્ધતિઓનો સમાવેશ અત્યંત જરૂરી છે. નવી શિક્ષણ નીતિ (NEP 2020) દ્વારા ભારતીય જ્ઞાનને મુખ્ય પ્રવાહમાં લાવવાની દિશામાં પ્રયાસ થઈ રહ્યો છે. શાળા કોલેજોમાં IKS,VAC, વિષયો દાખલ કર્યા છે જેમાં ભારતીય જ્ઞાન પ્રણાલીનો પ્રવાહ વધ્યો છે જેથી રાષ્ટ્રીય ભાવના વધી છે. સંશોધન કેન્દ્રો, IITs, IIMs, અને અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં ભારતીય જ્ઞાન પરંપરાને પ્રોત્સાહન આપીને તે વૈશ્વિક સ્તરે માન્યતા મેળવી શકે.

**4. આત્મનિર્ભર ભારત અને ભારતીય જ્ઞાન:**

આજની ગ્લોબલ ઈકોનોમીમાં આત્મનિર્ભરતા મહત્વપૂર્ણ છે. ભારતીય જ્ઞાન પરંપરાને આધુનિક ઉદ્યોગો, ટેક્નોલોજી અને ઈનોવેશન સાથે જોડીને ભારતીય મેક-ઇન-ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ મજબૂત કરી શકાય.

**5. ટકાઉ વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ:**

ભારતીય જ્ઞાન પરંપરામાં પર્યાવરણ સાથે સુમેળ રાખીને જીવન જીવવાની શિખામણ છે. યોગ, નૈસર્ગિક, પ્રાકૃતિક કૃષિઆધારિત ખેતી, વન સંરક્ષણ અને પરંપરાગત પાણી વ્યવસ્થાપન પદ્ધતિઓ 2047માં પર્યાવરણ સંરક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

**6. આધ્યાત્મ અને માનસિક તંદુરસ્તી:**

વિકસિત ભારત માટે ફક્ત આર્થિક વિકાસ પૂરતો નથી, પરંતુ આધ્યાત્મિક અને માનસિક સુખ-શાંતિ પણ આવશ્યક છે. યોગ અને ધ્યાન દ્વારા માનસિક સ્વાસ્થ્ય સુધારવામાં અને હેપીનેસ ઈન્ડેક્સમાં વધારો કરવામાં મદદ મળશે. પ્રાચીન ભારતના

ઋષિમુનિઓ આધ્યાત્મિક ધ્યાન માટે વનમાં, એકાંતમાં, પહાડોમાં તપશ્ચર્યા કરી સમાજને તત્વજ્ઞાન, દર્શનશાસ્ત્ર, ઇતિહાસ, ખગોળનું જ્ઞાન આપી મુલ્યવર્ધન અને મોક્ષ પ્રાપ્તિ માટે પ્રયત્ન થતા હતા જેમાં વાલ્મીકી, વેદ વ્યાસ, અગત્સ્ય, કૌટિલ્ય, ગૌતમબુદ્ધ, મહાવીર સ્વામી વગેરેના આધ્યાત્મિક ઉપદેશથી સમાજને ઉન્નત જીવન જીવવાનો માર્ગ બતાવ્યો હતો.

## નિષ્કર્ષ:

2047માં ભારતની વિકાસયાત્રા ભારતીય જ્ઞાન પરંપરાના ઉજળો ઇતિહાસના મહત્ત્વના ઉપયોગ વિના સંભવ નથી. ભારતીય જ્ઞાન પ્રણાલી માત્ર ઐતિહાસિક વારસો નથી, પરંતુ ભવિષ્યના ભારત માટે પથદર્શક પણ છે. જો આપણે પરંપરાગત જ્ઞાન અને આધુનિક વૈજ્ઞાનિક અભિગમનો સમાનુપાત રીતે ઉપયોગ કરીશું, તો ભારત એક સશક્ત, આત્મનિર્ભર અને વૈશ્વિક નેતા તરીકે ઉભરશે. ભારતનો ગૌરવશાળી ઇતિહાસ જ વિશ્વગુરુ બનાવશે.

## સંદર્ભ સાહિત્ય:


1.પરીખ,પ્રવીણચંદ્ર: ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,૨૦૧૫

2.પરીખ,પ્રવીણચંદ્ર: ભારતીય સંસ્કૃતિ સ્વરૂપ અને વિકાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,૨૦૧૬

3.શાસ્ત્રી,હરિપ્રસાદ; પ્રાચીન ભારત, ભાગ-૦૧ અને ૦૨, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,૨૦૧૫

4.ધ્રુવ,આંનદશંકર : ધર્મ વર્ણન, પ્રાચ્ય વિદ્યા મંદિર મ.સ.વિશ્વ વિદ્યાલય,વડોદરા

5.શ્રી દર્શક: વારસો અને વૈભવ

6.अग्रवाल, विजय, भारत की सांस्कृतिक विरासत, वाणी प्रकाशन, दिल्ली

7.पांडे, राजेंद्र, भारत का सांस्कृतिक इतिहास, उत्तर प्रदेश हिंदी संस्थान, लखनऊ

8. Pro Sharm S.R.: Ancient Indian History And Culture,Hind Kitabs Ltd. Bombay

9. Dr. Majumdar R.C. : Ancient India,Motilal Banarsidass pvt.Ltd.

10. Dr. Majumdar R.C. : The History And Culture of The Indian People, Bharatiya Vidya Bhavan,mumbai